eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 153
July 25, 2008

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં, શહેર વિકાસ ખાતા /દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરી

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારનાં ટી.પી. સ્કીમ નં. ૩ (કતારગામ), ફા. પ્લોટ નં. ૪૪૧–૪૪૨ પૈકી પારસ સોસાયટીના સ. પ્લોટ નં. ૯૬,૯૭ પાસેના સી.ઓ.પી. પૈકી /ખુલ્લી જગ્યાવાળી મિલ્કતમાં મિલ્કતદારે સુરત મહાનગરપાલિકાની પરવાનગી વગર ભોયતળીયું ગેરકાયદેસર બાંધકામ કરતાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણા વ્રત નિમિતે તા. ૧૮–૦૭–૦૮ના રોજ ગોરમા ગીત સ્પર્ધાનું પરિણામ




સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણા વ્રત નિમિતે તા. ૧૮–૦૭–૦૮ના રોજ ગોરમા ગીત સ્પધા ચં.ચી મહેતા નાટયગૃહ(રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતે યોજવામાં આવી હતી. ગોરમા ગીત સ્પર્ધાનો પ્રારંભ મા. ડે.મેયર શ્રીમતી કૌશિકાબેન દેસાઈ, કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન કોઠિયા, ઉપાધ્યક્ષશ્રી શૈલેષભાઈ જરીવાલા, તથા મ્યુ. સદસ્યશ્રીઓએ દીપ પ્રાગટય કરી ગોરમા ગીત સ્પર્ધાની શરૂઆત કરી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૮–૦૭–૨૦૦૮ ના શુક્રવારના રોજ ૫૯માં વનમહોત્સવ નિમિતે વૃક્ષારોપણ કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા દ્વારા ૫૯માં વન મહોત્સવ નિમિતે વૃક્ષારોપણ કાર્યક્રમ ગ્રીન એવન્યુ ચાર રસ્તા એલ.પી.સવાણી રોડ પાસે, રમત ગમતનો ખુલ્લો પ્લોટ,અડાજણ, સુરત ખાતે તા. ૧૮–૦૭–૨૦૦૮ના શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે મો મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખ પદે, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ અધ્યક્ષ શ્રીમતી વીણાબેન જોષીના વરદ હસ્તે રાખવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઉધના ઝોન દ્વારા મચ્છરના ઉપદ્રવને અંકુશમાં રાખવા લીમડાના પાંદડાના ધુમાડાનો નવતર પ્રયોગ

સાઉથઝોનનાં વિવિધ વિસ્તારમાં મચ્છરના ઉપદ્રવને અંકુશમાં રાખવાનાં વિવિધ પ્રયત્નોમાં પ્રજાનો સહકાર ખૂબ જ અગત્યનું પરિબળ છે. જે માટે ઝોનનાં આરોગ્ય તરફથી લોક શિક્ષણ મારફતે લોકજાગૃતિના પ્રયાસો સતત અમલમાં મુકવામાં આવે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર) ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં નવા વિસ્તારો જેવા કે પાલ, પાલનપુર તથા વરીયાવનો સમાવેશ કરવામાં આવેલ છે. નવા સમાવિષ્ટ વિસ્તારો પૈકી વરીયાવ વિસ્તારમાં તાડવાડી તથા તેની આજુબાજુની જમીનોના વિસ્તારમાં સુડા તરફથી ટી.પી.સ્કીમ નં. ૩૬ (વરીયાવ) બનાવવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન ( વરાછા ) નાં કાપોદ્રા વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામનું કરેલ ડીમોલીશન

પૂર્વઝોન ( વરાછા ) વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૧૬ (કાપોદ્રા)ના ફા.પ્લોટ નં.૧૫ માં આવેલ કલાકુંજ સોસા.નાં કેટલાક બંગલાઓ ધ્વારા તથા ફા.પ્લોટ નં.૨૮ ના એપાર્ટ.ના રહીશો ધ્વારા નહેર વિભાગની ફાયનલ પ્લોટ નં.૪૩ની જગ્યામાં ગેરકાયદેસર રીતે દબાણ કરવામાં આવેલ હતું. આ કેનાલની જગ્યા હાલમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા જાહેર રસ્તા તરીકે વપરાશમાં લેવામાં આવે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે જે મુજબ આજ તા:૧૯/૦૭/૨૦૦૮ ના રોજ અલથાણ શહેરી આરોગ્ય કેન્દ્ર, અલથાણ ટેનામેન્ટ પાસે, ભટાર ચાર રસ્તા, સુરત ખાતે સવારે ૦૯–૩૦ કલાક થી બપોરે ૦૨–૦૦ કલાક દરમ્યાન આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં, શહેર વિકાસ ખાતા /દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરી

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારનાં ટી.પી. સ્કીમ નં. ૩ (કતારગામ), ફા. પ્લોટ નં. ૪૪૧–૪૪૨ પૈકી પારસ સોસાયટીના સ. પ્લોટ નં. ૯૬,૯૭ પાસેના સી.ઓ.પી. પૈકી /ખુલ્લી જગ્યાવાળી મિલ્કતમાં મિલ્કતદારે સુરત મહાનગરપાલિકાની પરવાનગી વગર ભોયતળીયું ગેરકાયદેસર બાંધકામ કરતાં નિયોમોનુસારની નોટીસ આપી, ભોંયતળીયાનું સેન્ટીંગ, શટરીંગ દુર કરી, ઈંટના ચણતરની દિવાલ દુર કરી લગભગ ૩૦૦૦ ચો. ફુટનું ગેરકાયદેસર બાંધકામવાળો વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે. આ ડીમોલીશન કામગીરી ના પેટે મિલ્કતદાર પાસેથી રૂા. ૧૫૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

TOP

# સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણા વ્રત નિમિતે તા. ૧૮–૦૭–૦૮ના રોજ ગોરમા ગીત સ્પર્ધાનું પરિણામ

સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણા વ્રત નિમિતે તા. ૧૮–૦૭–૦૮ના રોજ ગોરમા ગીત સ્પધા ચં.ચી મહેતા નાટયગૃહ(રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતે યોજવામાં આવી હતી. ગોરમા ગીત સ્પર્ધાનો પ્રારંભ મા. ડે.મેયર શ્રીમતી કૌશિકાબેન દેસાઈ, કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન કોઠિયા, ઉપાધ્યક્ષશ્રી શૈલેષભાઈ જરીવાલા, તથા મ્યુ. સદસ્યશ્રીઓએ દીપ પ્રાગટય કરી ગોરમા ગીત સ્પર્ધાની શરૂઆત કરી હતી. આ સ્પર્ધા માં શહેરની ખાનગી તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ મળી કુલ શાળાઓની કન્યાઓએ ભાગ લઈ ગોરમા ગીતોની સુંદર રજુઆત કરી હતી. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

| **વિજેતાનો ક્રમ** | **શાળાનું નામ** |
|---|---|
| પ્રથમ વિજેતા | આર.બી.ધામી વિદ્યાલય |
| દ્વિતીય વિજેતા | શ્રી ડી.એન્ડ પી. એ. શાહ વિદ્યાલય |
| તૃતીય વિજેતા | પી.પી. સવાણી વિદ્યાભવન |
| | |
| **આશ્વાસન વિજેતાઓ** | |
| (૧) શ્રીમતી એલ.પી.સવાણી વિદ્યાભવન | (૪) મહિધરપુરા અર્બન સોસા.પ્રા. શાળા |
| (૨) શ્રી ભ.લ. જરીવાલા પ્રા. શાળા | (૫) સર જે. જે પ્રાથમિક કન્યા શાળા |
| (૩) શ્રી કે.એસ.જોષી ઈંગ્લીશ મીડી. ગર્લ્સ સ્કૂલ | |

સ્પર્ધાના વિજેતાઓને માન. ડે.મેયર શ્રીમતી કૌશિકાબેન દેસાઈ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન કોઠિયા, ઉપાધ્યક્ષશ્રી શૈલેષભાઈ જરીવાલા, તથા સમિતિના સદસ્ય શ્રીમતી વર્ષાબેન રાણા હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને પ્રતિકભેટ અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સર્વશ્રી પ્રેમસાગર ઉમરાવ, શ્રી દિલીપકુમાર વરીયાવ, તથા શ્રીમતી દિપ્તીબેન ટેલરે લેવા આપી હતી.







TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૮–૦૭–૨૦૦૮ ના શુક્રવારના રોજ ૫૯માં વનમહોત્સવ નિમિતે વૃક્ષારોપણ કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા દ્વારા ૫૯માં વન મહોત્સવ નિમિતે વૃક્ષારોપણ કાર્યક્રમ ગ્રીન એવન્યુ ચાર રસ્તા એલ.પી.સવાણી રોડ પાસે, રમત ગમતનો ખુલ્લો પ્લોટ,અડાજણ, સુરત ખાતે તા. ૧૮–૦૭–૨૦૦૮ના શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે મો મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખ પદે, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ અધ્યક્ષ શ્રીમતી વીણાબેન જોષીના વરદ હસ્તે રાખવામાં આવેલ. સદર કાર્યક્રમમાં ડે.મેયરશ્રી, અધ્યક્ષશ્રી – સ્થાયી સમિતિ, મ્યુ. કમિશનરશ્રી તથા વિવિધ સમિતિઓના ચેરમેનશ્રી અને મ્યુ. સભ્યશ્રીઓએ ભાગ લઈ વૃક્ષારોપણ કરેલ. સદર વૃક્ષારોપણ કાર્યક્રમમાં રાયન ઈન્ટરનેશલ સ્કુલના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓએ પણ ભાગ લીધેલ. સદર વૃક્ષારોપણના સ્થળે કુલ ૮૬ વિવિધ જાતના પુષ્પ વૃક્ષના રોપાઓ જેવા કે કદમ, મહોગની, સ્પેથોડીયા, સપ્તવર્ણીના રોપાઓનું વૃક્ષારોપણ ટ્રી ગાર્ડ ફીટીંગ સાથે કરવામાં આવેલ હતું. વૃક્ષારોપણ કાર્યક્રમમાં મહાનગરપાલિકા ના પદાધિકારીઓએ પણ હાજરી આપી ભાગ લીધો હતો. વૃક્ષારોપણ કાર્યક્રમમાં હાજર રહેલ તમામ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ, નગરજનો, મ્યુ. સભ્યશ્રીઓને તુલસીના તેમજ બીલીપત્રના રોપાઓનું વૃક્ષારોપણ પ્રવૃતિને વધુ વેગ આપવા યાદગીરી રૂપે માનનીય મેયરશ્રી અને માનનીય કમિશનરશ્રીના વરદ હસ્તે રોપાઓનું વિતરણ કરવામાં આવેલું હતું.



TOP

## ઉધના ઝોન દ્વારા  મચ્છરના  ઉપદ્ધવને અંકુશમાં રાખવા લીમડાના પાંદડાના ધુમાડાનો નવતર પ્રયોગ

સાઉથઝોનનાં વિવિધ વિસ્તારમાં મચ્છરના ઉપદ્રવને  અંકુશમાં રાખવાનાં વિવિધ પ્રયત્નોમાં પ્રજાનો સહકાર ખૂબ જ અગત્યનું પરિબળ છે. જે માટે ઝોનનાં આરોગ્ય તરફથી લોક શિક્ષણ મારફતે લોકજાગૃતિના પ્રયાસો સતત અમલમાં મુકવામાં આવે છે.

ચોમાસાની ઋતુ   દરમ્યાન વાતાવરણ ભેજયુકત બને છે તેમજ પાણી નાં ભરાવાના કારણે મચ્છરની ઉત્પતિનું પ્રમાણ વધે છે.  લીમડાનાં પાંદડાનો ઘુમાડો કરી મચ્છરના ઉપદ્ધવને અકુંશમાં રાખવાની તેમજ અન્ય કીટકોનાં ઉપદ્ધવ દૂર કરવાની પધ્ધતિ ગ્રામ્ય વિસ્તારમાં પ્રચલિત છે. લીમડાનાં પાંદડાના ઔષધીય ગુણોને કારણે વાતાવરણને શુધ્ધ કરવામાં લીમડાના પાંદડાનો ધુમાડો મદદરૂપ થતો હોવાનો સામાન્ય અનુભવ છે. અત્રેના ઝોનના સ્થાનિક સદ્ધસ્યશ્રી તેમજ નાગરિકોના સહકારથી લીમડાનો પાંદડાનો ધુમાડો કરી તેની અસરકારકતાનો પ્રચાર તેમજ જનજાગૃતિ માટે તા.૧૮–૦૭–૨૦૦૮ ના રોજ હરીનગર–૩ ખાતે ઝોનલ ચીફ શ્રી મહેશસિંગ,કાર્યપાલક ઈજનેરશ્રી કે.એસ.દેસાઈ તેમજ નાયબ આરોગ્ય અધિકારીશ્રી એચ.સી.ભટ્ટ તથા સાઉથ ઝોન (ઉધના)ના આસી.જંતુનાશક અધિકારીશ્રી કે.બી.દેસાઈ તેમજ મ્યુ.સદ્ધસ્યશ્રી કાન્તીભાઈ જોષી,શ્રી ધનસુખભાઈ રાજપુત, શ્રીમતી સુશીલાબેન હટકર, શ્રી રામપ્યારે શર્મા, શ્રી શૈલેષભાઈ જરીવાલા, શ્રી રમેશભાઈ પટેલ અને વી.બી.ડી.સી.વિભાગના સ્ટાફ તેમજ અન્યોની ઉપસ્થિતમાં લીમડાના પાંદડાનો ધુમાડો કરી નાગરિકોને ધુમાડાની પધ્ધતિનો નિર્દશ કરવામાં આવેલ. સદર નવતર પ્રયોગને જાહેર જનતાએ ઉમળકા ભેર આવકાર્યો હતો. અને સ્વયભૂ લીમડાના પાંદડાનો ધુમાડો પોતાના ઘરોમાં કરાવ્યો હતો.

ઝોનલ ચીફ શ્રી સીંગસાહેબ તેમજ સ્થાનિક સદ્ધસ્યશ્રી કાંન્તીભાઈ જોષીએ પ્રાંસગિક પ્રવચન કરેલ હતું.

TOP

## પશ્ચિમ ઝોન (રાંદેર) ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં નવા વિસ્તારો જેવા કે પાલ, પાલનપુર તથા વરીયાવનો સમાવેશ કરવામાં આવેલ છે. નવા સમાવિષ્ટ વિસ્તારો પૈકી વરીયાવ વિસ્તારમાં આવેલ તાડવાડી તથા તેની આજુબાજુની જમીનોના વિસ્તારમાં સુડા તરફથી ટી.પી.સ્કીમ નં. ૩૬ (વરીયાવ) બનાવવામાં આવેલ છે. આ ટી.પી. સ્કીમ હાલમાં ડ્રાફટ લેવલે છે. તથા સદર ડ્રાફટ ટી.પી. સ્કીમને સરકારશ્રીની મંજુરી મળેલ છે. સદર ટી.પી. સ્કીમમાં સમાવિષ્ટ પંચશીલનગર વસાહત કે જે ઘણા વર્ષોથી વસાવવામાં આવેલ છે. તે વસાહતમાં જવા માટે હાલમાં કોઈ પાકો રસ્તો ઉપલબ્ધ નથી. આથી આ સ્લમ વિસ્તારના રહીશોની વર્ષો જુની સમસ્યાનું નિરાકરણ કરવા સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોનના શહેર વિકાસ તથા દબાણ ખાતા મારફત પંશીલનગર તરફ જતો ૧૮.૦ મી. પહોળાઈનો રસ્તો ખુલ્લો કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જે અન્વયે ટી.પી.સ્કીમ મુજબ ૧૮.૦ મી.પહોળાઈના રસ્તાની અસર હેઠળ આવતી આશરે ૫૦૦ ફુટ લાંબી કંપાઉન્ડ વોલ જમીન માલિકની સંમતિ મેળવી સ્થળ ઉપરથી દુર કરી આશરે ૨૨૦૦૦ ચો.ફુટ જમીનનો કબજો મેળવવામાં આવેલ છે. તથા સદર રસ્તાને મેટલ ગ્રાઉટીંગ કરવાની કામગીરી તાકીદે ચાલુ કરી દેવામાં આવેલ છે. તેમજ આ રસ્તા ઉપર સ્ટ્રીટ લાઈટ પોલ નાંખવાની કામગીરી પણ ઝોન ધ્વારા ટુંક સમયમાં હાથ ધરવામાં આવશે.

આ કામગીરી પશ્રિમ ઝોનના શહેર વિકાસ ખાતા ધ્વારા ઝોનલ ચીફશ્રીની સુચનાથી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવેલ છે.

TOP

## પૂર્વઝોન ( વરાછા ) નાં કાપોદ્રા વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામનું કરેલ ડીમોલીશન

પૂર્વઝોન ( વરાછા ) વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૧૬ (કાપોદ્રા)ના ફા.પ્લોટ નં.૧૫ માં આવેલ કલાકુંજ સોસા.નાં કેટલાક બંગલાઓ ધ્વારા તથા ફા.પ્લોટ નં.૨૮ ના એપાર્ટ.ના રહીશો ધ્વારા નહેર વિભાગની ફાયનલ પ્લોટ નં.૪૩ની જગ્યામાં ગેરકાયદેસર રીતે દબાણ કરવામાં આવેલ હતું. આ કેનાલની જગ્યા હાલમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા જાહેર રસ્તા તરીકે વપરાશમાં લેવામાં આવે છે. જે રસ્તામાં આ દબાણ થવાના કારણે જાહેર રાહદારીઓને અડચણ થતી હતી. આથી આજરોજ સુરત મહાનગરપાલિકા પૂર્વઝોન ( વરાછા )ના દબાણ વિભાગના સ્ટાફ ધ્વારા જે.સી.બી.મશીન ધ્વારા ચણતરની પાકી દિવાલ, વાયર ફેન્સીંગ, અને કેટલાક જંગલી વૃક્ષો સહિત, ગાયનો તબેલો વગેરેનું ડિમોલીશન કરી અંદાજે ૨૦૦ મીટર લંબાઈમાં કુલે ૮૦૦૦ ચો.મીટર જગ્યાનો કબજો ખુલ્લો કરવામાં આવેલ છે.

તદઉપરાંત ટી.પી.સ્કીમ નં.૧૬ (કાપોદ્રા) ના ફા.પ્લોટ ના ફા.પ્લોટ નં.૪૮માં કે જે સુરત મહાનગરપાલિકાનો પોલિસ ચોકી માટેનો અનામત પ્લોટ છે. જે પ્લોટમાં કમલપાર્ક સોસા.ના વિભાગ–૨ ના બંગલા નં.એ/૯ ના માલિક ધનસુખભાઈ અરજણભાઈ માલીયા તરફથી ગ્રાઉન્ડ ફલોર તથા પહેલા માળે આર.સી.સી.ચણતર વગેરેનું ગેરકાયદેસર બાંધકામ ચાલુ કરેલ હતું. જેમાં સુરત મહાનગરપાલિકાએ અનામત પ્લોટમાં ગેરકાયદેસર બાંધકામ સહિતનો કબજો દુર કરવા નોટીશ પણ આપેલ હતી. પરંતુ મિલકતદાર / કબજેદાર તરફથી સુરત મહાનગરપાલિકાની નોટીસોની અવગણના કરી બાંધકામ ચાલું રાખેલ તથા કબજો સોંપવા બાબતે કોઈ તજવીજ ન કરતાં આજરોજ સુરત મહાનગરપાલિકાએ આ ગેરકાયદેસરનો કબજો લેવા તથા બાંધકામ દુર કરવાની કામગીરી હાથ ધરી હતી. જેમાં પહેલા માળનું અંદાજે ૧૦૦૦ ચો.ફુટનું બાંધકામ દુર કરવામાં આવેલ હતું. ચાલુ ડીમોલીશનની કામગીરી દરમ્યાન મિલકતદાર / કબજેદાર તરફથી લેખિત બાંહેધરી આપતાં ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૨૧,૦૦૦/–વસુલ લેવામાં આવેલ હતાં.

પૂર્વઝોન ( વરાછા )માં વિવિધ રસ્તા પરના લારી–ગલ્લાના દબાણ હટાવ અભિયાન

સુરત મહાનગરપાલિકાનાં પૂર્વઝોન ( વરાછા ) વિસ્તારમાં આયોજિત દબાણ હટાવ ઝુંબેશ દરમ્યાન કરંજ વિસ્તારમાં આવેલ ઈશ્વરકૃપા રોડ, વૈશાલી સિનેમારોડ, સવાણી રોડ તેમજ કરણીમાતા ચોકથી બોમ્બે માર્કેટ સુધીનાં રસ્તાને આવરી લેવામાં આવ્યા હતા. આ ઝુંબેશ દરમ્યાન કુલ્લે –૬૯ જેટલા લારી–ગલ્લા, કેબિન જપ્ત કરવામાં આવ્યા હતા. આ ઝુંબેશ થકી ઉપરાંત તમામ રસ્તાઓ ખુલ્લા થયા હોઈ ટ્રાફિક પરિવહન સરળ બનેલ છે. આ તમામ ઝુંબેશ પૂર્વઝોન ( વરાછા )નાં દબાણ તેમજ ઈજનેરી સ્ટાફ, સાઉથ ઝોન તેમજ સેન્ટ્રલ ઝોનનાં દબાણ સ્ટાફ, સીકયોરીટી સ્ટાફનાં સંકલનથી પાર પાડવામાં આવી હતી.

TOP

# સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે જે મુજબ આજ તાઃ૧૯/૦૭/૨૦૦૮ ના રોજ અલથાણ શહેરી આરોગ્ય કેન્દ્ર, અલથાણ ટેનામેન્ટ પાસે, ભટાર ચાર રસ્તા, સુરત ખાતે સવારે ૦૯–૩૦ કલાક થી બપોરે ૦૨–૦૦ કલાક દરમ્યાન આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ડે.મેયરશ્રીમતિ.કૌશીકાબેન દેસાઈ,આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી.જે.પી.શાહ,રૂગ્ણાલયો અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષશ્રી.પિયુષભાઈ શીવશકિતવાળા,નગર નિયોજન સમિતિના અધ્યક્ષશ્રી.વિવેકભાઈ પટેલ, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ)ડો.આઈ.સી.પટેલ, ડે.કમિશ્નર(સ્પે.)શ્રી પી.જે.ઝાલા, આરોગ્ય અધિકારીશ્રી.ડો.હેમંત દેસાઈ,કાર્યપાલક ઈજનેરશ્રી. જે.એમ.આઝાદ, મ્યુ.સદસ્યશ્રી.જશવંત ગાયકવાડ, શ્રીમતિ સ્વાતિબેન ભટ્ટ,શ્રીમતિ સુચિત્રાબેન પટેલ, અઠવાઝોનના નાયબ આરોગ્ય અધિકારી ડો.આશીષ નાયક તથા અન્ય અધિકારી કર્મચારીઓ હાજર રહયા હતા.

ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ)ડો.આઈ.સી.પટેલે હાજર રહેલ મહાનુભાવોનું સ્વાગત કરી કાર્યક્રમ સબંધી જાણકારી આપી હતી. મહાનગરપાલિકા દ્વારા ગત વર્ષે વિના–મૂલ્યે નિદાન સારવારના ૭૪ કેમ્પોનું આયોજન કરવામાં આવેલ જેમાં – ૨૦,૫૨૫ જેટલા લાભાર્થીઓએ લાભ મેળવેલ હતો.વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પોમાં તજજ્ઞો દ્વારા જુદા–જુદા રોગનું નિદાન કરી સારવાર આપવામા આવે છે તથા જરૂર જણાયે સ્મીમેર હોસ્પીટલ ખાતે વધુ સારવાર માટે મોકલવામાં આવે છે.ચોમાસાની ઋતુમા કેમ્પો યોજવાનું મુખ્ય કારણ આ સમય દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે જેથી સ્લમ વિસ્તારના લોકો તેનો લાભ લે તથા યોજવામાં આવેલ આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી જાણકારી મેળવી જાગૃતિનાં કારણે પણ રોગચાળાનું પ્રમાણ ઘટવા પામે તેમ છે.

રૂગ્ણાલયો અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષશ્રી.પિયુષભાઈ શીવશકિતવાળાએ પ્રાસંગીક પ્રવચનમા " નિરોગી બાળ વર્ષ – ૨૦૦૮ " ની ઉજવણીના ભાગ રૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા છેવાડાના નાગરીકોને આરોગ્ય લક્ષી સેવા મળી રહે તે માટે ગરીબ/ સ્લમ વિસ્તારમા વિના મૂલ્યે નિદાન / સારવાર કેમ્પો યોજવામાં આવે છે. આવા કેમ્પનો બહોળા પ્રમાણમાં લાભ લેવા સ્થાનિક રહીશોને જણાવ્યુ હતુ. ચોમાસાની ઋતુ દરમ્યાન મેલેરીયાનાં કેસો વધુ જોવા મળે છે તે હેતુસર મચ્છરની ઉત્પત્તિ વિશે આરોગ્ય લક્ષી પ્રદર્શનમાં લાઈવ ડેમોસ્ટ્રેશન દ્વારા સમજ આપવામા આવે છે તે મુજબ કાળજી રાખવા જણાવ્યુ હતુ.

આરોગ્ય સમિતિ અધ્યક્ષ શ્રી જયપ્રકાશ શાહે ચોમાસાની ઋતુ દરમ્યાન થતા રોગો અને તેને અટકાયત અંગે આવા કેમ્પોનું આયોજન કરેલ છે તે ખુબજ પ્રસંશનિય છે તેમ જણાવેલ.આ કેમ્પમાં પાણી જન્ય/પાણી સંલગ્ન રોગોથી બચવાના ઉપાયો વિશે પેમ્પલેટ, જાહેરાત,ઓડીયો વિઝ્યુઅલ દ્વારા જે સમજ આપવામાં આવે છે તે નાગરીકો માટે ઘણી ઉપયોગી થાય તેમ છે.હાલનાં સંજોગોમાં મેડીકલ સારવાર ખૂબજ મોંઘી છે ત્યારે સુરત મહાનગરપાલિકા આયોજીત વિના–મૂલ્યે નિદાન/સારવાર કેમ્પો ગરીબ નાગરીકો માટે આશિર્વાદ સમાન છે જેથી તેનો લાભ લેવા જણાવ્યુ હતુ.

ડે.મેયરશ્રીમતિ. કૌશીકાબેન દેસાઈએ મહાનગરપાલિકા મારફતે યોજવામા આવતા જુદા જુદા આરોગ્ય લક્ષી કાર્યક્રમોની પ્રસંસા કરી મહાનગરપાલિકાની કામગીરીને બિરદાવી હતી. વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનો લાભ લેવા તથા આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી રોગો વિશેની માહિતી, ઉપચાર તથા તકેદારી રાખવા " પ્રિવેન્શન ઈઝ બેટર ધેન કયોર " ના સૂત્રને સાર્થક કરવા હાજર રહેલ નાગરીકોને અનુરોધ કર્યો હતો.

મેડીકલ કેમ્પનો અલથાણ શહેરી આરોગ્ય કેન્દ્રનાં આસપાસ વિસ્તારના કુલ–૩૫૯ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૪૭,ચામડીના નિષ્ણાત દ્વારા ૮૫,સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૧૩,બાળરોગ નિષ્ણાત દ્વારા ૬૫,ફિઝીશયન દ્વારા ૯૦, સર્જન દ્વારા ૧૧,એસ.ટી.ડી.૦૪ અને અન્ય ૧૭ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા ૦૫ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામા આવ્યા હતા.૧૮ ઓ.આર.એસ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.૬૨ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ,નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય વિભાગના વિવિધ ખાતા દ્વારા પાણી જન્ય,પાણી સંલગ્ન,એઈડઝ,ટી.બી.,મેલેરીયા વિગેરે રોગ વિષેના પોષ્ટરો,બોર્ડ ડીસ્પલે કરી રોગો અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તેમજ પોતાના વિભાગ વિષે જાણકારી આપી,૧૦,૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ મચ્છરોના લાર્વી(પાણીમાં થતા પોરા) તેમજ તેના નાશ માટે પાણી ભરાવાની,સ્વચ્છતા બાબતની અને ગપ્પી–ગમ્બ્યુસીયા નામની માછલીના ઉપયોગ કરવા અંગેનું નિર્દેશન સ્થળ પર કરી બતાવવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૯૦,ગર્ભ નિરોધક ૦૨ પેકેટનું વિતરણ કરી,કોપર–ટી મુકાવવા બાબતે સમજણ આપવામાં આવી હતી તથા ૧૨ આર્યન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૧૭ નાના બાળકોને રસીકરણ કરવામાં આવ્યું હતુ.૧૨૦૦ પાણીમાં નાખવાની કલોરીન ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. પ્રચાર એકમ મારફતે ઓડીયો વિઝયુઅલ દ્વારા આરોગ્યલક્ષી જાણકારી આપવામાં આવી હતી.

આ ઉપરાંત વિવિધ ઝોન/વિસ્તારનાં શહેરી આરોગ્ય કેન્દ્ર મારફતે રાંદેર–હનુમાન ટેકરી, વરાછા–શ્રીરામનગર–૧૪૮, ઉધના–મસ્તાનનગર,લીંબાયત–બેઠી કોલોની આંગણવાડી,કોસાડ–કામદાર આવાસ ખાતે કરવામાં આવેલ કેમ્પોમાં ૬૭૭ લાભાર્થીઓ એ લાભ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) ડો.આઈ.સી.પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી શ્રી ડો.હેમંત દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

નોંધ :– સુરત મહાનગરપાલિકા દ્વારા આગામી આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તાઃ૨૬/૦૭/૨૦૦૮ નાં રોજ ૯ઃ૩૦ થી ૨ઃ૦૦ કલાક દરમ્યાન ખટોદરા શહેરી આરોગ્ય કેન્દ્ર,ઉધના ખાતે રાખવામાં આવેલ છે. જેનો સુરત શહેરનાં તમામ નાગરીકોને લાભ લેવા વિનંતી છે.

**TOP**